# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સંપત્તિનો સદુપયોગ કરવો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

બાળમિત્રો ! વેકેશનમાં ખૂબ રમ્યા, બહુ ફર્યા. કોઈ મામાના ઘેર, કોઈ માસીના ઘરે તો કોઈ યાત્રા-પ્રવાસમાં ખૂબ મજા કરી. પાછા વેકેશન પુરુ કરી અભ્યાસમાં પરોવાઈ ગયા હશો ખરૂને ! હવે મન દઈને અભ્યાસમાં લાગી જવાનું કેમ કે -

**વિદ્યા દદાતિ વિનયમ્, વિનયાત્ યાતિ પાત્રતામ્ ।**
**પાત્રત્વાત્ ધનમાપ્નોતિ, ધનાન્ ધર્મં તતઃ સુખમ્ ॥**

વિદ્યા અભ્યાસથી માણસના જીવનમાં વિનય, વિવેક, પાત્રતા, ધર્મ, ધન વગેરે સદ્‌ગુણો પ્રાપ્ત થાય છે.

જીવનમાં વિનય, વિવેક, સત્સંગ વગેરે સદ્‌ગુણો ન હોય ને ખાલી અઢળક સંપત્તિ હોય તો પણ માણસ સુખી થતો નથી. એના પર એક સરસ દ્રષ્ટાંત છે જે આપણે વાંચીએ.

એક મોટું નગર હતું. નગરમાં સૌથી મોટી હવેલી, તેમાં નગરશેઠ રહે. અઢળક સંપત્તિ અને ઘણી સોનામહોરો શેઠના ખજાનામાં હતી. સમૃદ્ધિ ઘણી પણ શેઠના મનમાં શાંતિ જ નહોતી. કારણ કે શેઠ કંજૂસ હતા. ભારે કંજૂસ. આ નગરશેઠ ઘણા કંજૂસ પણ સામે શેઠાણી ખૂબજ ઉદાર દિલ હતાં. શેઠની કંજુસાઈનું કારણ એમની બાળપણની ગરીબાઈ હતી. બહુમોટી ઉંમરે લોહી-પસીનો એક કરીને પૈસાદાર થયેલા. પણ ગરીબાઈની માનસિકતા ''ચમડી તૂટે પણ દમડી ન છૂટે'' તે પ્રકૃતિ ગયેલી નહીં.

શેઠાણી જ્યારે પણ કોઈ દાન-ધર્મમાં સંપત્તિનો ઉપયોગ કરવાનું કહે તો શેઠ તરત જ જવાબ આપી દેતા - ''લોહી-પાણી એક કરીને પૈસો કમાયા પછી મળેલી સંપત્તિને કાંઈ થોડી ફેંકી દેવાય !!!'' શેઠની વાત સાંભળ્યા પછી શેઠાણીને મૌન થઈ જવું પડતું. કોઈ એવું બીજું પણ નહોતું કે જે શેઠને કહી શકે.

આ બાજુ શેઠની લક્ષ્મી લોલુપતા એટલી વધવા લાગી કે દિવસ-રાત સંપત્તિનાં જ સેવક બનીને સંપત્તિની પાછળ જ ખોવાયેલા રહેવા લાગ્યા. રોજ રાત્રે સોનામહોરો ગણેને પાછી સુરક્ષિત ગોઠવી દે. આ તેમનો નિત્યક્રમ થઈ ગયો.

એક રાત્રે શેઠે તો નિત્યક્રમ મુજબ સોનામહોરો ગણીને પાછી સુરક્ષિત જગ્યાએ ગોઠવીને પછી સૂઈ ગયા. એ રાત્રે એક ચોર એમની હવેલીમાં પેઠો અને બધી સોનામહોરો ઉઠાવીને જતો રહ્યો. આ ચોર એવો ચતુર હતો કે સોનામહોરોની જગ્યાએ પથરા મુકીને જતો રહ્યો. બધું એવું વ્યવસ્થિત રીતે જ રહેવા દીધું હતું જેથી કોઈને રાત્રીની ચોરીનો ખ્યાલ પણ ન આવ્યો. બીજા દિવસે રાત્રે શેઠજીએ ગણતરી કરવા માટે તિજોરીમાંથી સોનામહોરો બહાર કાઢવા પ્રયત્ન કર્યો. ત્યાં તો સોનામહોરોની જગ્યાએ હાથમાં પથરા આવ્યા. અંતરમાં કારમો ઘા પડ્યો અને શેઠને તો મૂર્છા આવી ગઈ. શેઠાણી દોડી આવ્યા. શેઠ પર પાણીનો થોડો છંટકાવ કર્યો ને થોડી પળો બાદ શેઠ સ્વસ્થ થયા. શેઠાણીની સામું જોઈ રડી પડ્યા ને કહેવા લાગ્યા કે - ''સોનામહોરો ચોરી જઈને કોઈ એની જગ્યાએ પથરા મુકી ગયું છે.''

શેઠાણી તો દાન-ધર્મમાં માનતાં હતાં. તેમને થયું કે અત્યારે લોઢું બરાબર તપેલુ છે તો અત્યારે ઘા દઉં. એમણે શેઠને કહ્યું - ''સોનામહોરોની જગ્યાએ કોઈ પથરા પધરાવી ગયું એમાં તમને તો કોઈ મોટો ફેર પડે તેમ નથી.'' શેઠે આશ્ચર્યથી શેઠાણી સામે જોઈને પૂછ્યું - કેમ ? ત્યારે શેઠાણી કહે કે સોનામહોરોને બદલે આ પથરા પણ ગણવામાં કામ તો લાગશે જ ને ! તમારે સોનામહોરો સાથે માત્ર ગણવા પુરતો જ સંબંધ હતો ને? પહેલાં સોનામહોરો ગણતા હતા હવે આ પથરા ગણજો....

શેઠને શેઠાણીની આ વાત એકદમ નસના ઈન્જેકશનની જેમ અસર કરી ગઈ. તેમને વાત સમજાણી કે આપણી દરેક પ્રવૃત્તિ પરોપકારમય જ હોવી જોઈએ. આપણી પાસે જે સંપત્તિ હોય તેનો જો પરોપકારના કાર્યમાં વ્યય ન થાય તો તે સંપત્તિ પથરા બરાબર છે. આપણા જીવનને સુખમય બનાવવામાં આપણી આજુબાજુના પશુઓ, પક્ષીઓ, પૃથ્વી, પાણી, પ્રકાશ, પવન, વનસ્પતિ દરેકનો તેમાં ફાળો રહ્યો છે. જો આ બધા તત્વોની સહાય ન મળે તો આપણી જીવનયાત્રા વેરવિખેર થઈ જાય. આ ઉપરાંત ભગવાન, માતા-પિતા, સ્વજનો, સાધુપુરુષો, મિત્રો, સમાજ વગેરે કેટકેટલાનો ઉપકાર આપણા જીવનની સમૃદ્ધિ માટે

યોગ્ય સહારારૂપ હોય છે. તેનું સતત અનુસંધાન આપણા જીવનમાં રહેવું જોઈએ.

જેની પાસે સંપત્તિ હોય એવા માણસોએ પોતાની સંપત્તિનો ઉપયોગ ક્યાં કરવો ! એ સ્વામિનારાયણ ભગવાને સ્વયં શિક્ષાપત્રીમાં જણાવ્યું છે - કે ભગવાન સંબંધી યજ્ઞો કરવા, સંતને ભૂદેવોને જમાડવા અને ભગવાનને રાજી કરવા માટે મંદિરમાં મોટા ઉત્સવો કરાવવા અને પાત્રતા પ્રમાણે વિદ્યાદાન, અન્નદાન આદિક દાનો કરવાં એ બધાની સાથે પોતાની આવકમાંથી દશમો અથવા વીસમો ભાગ ભગવાનને અર્પણ કરવાનું ભૂલાય નહી તે ખાસ જોવું.

આમ, સંપત્તિના સદુપયોગથી લક્ષ્મીજીના આશીર્વાદ મળે છે. માટે આવી પાત્રતા કેળવવા હે મિત્રો ! ખૂબ ભણો, નમ્ર બનો અને સાચા સત્સંગી બનો.

●

### દયાળુની દયાનો પાર નથી

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એ ભક્તો કેવા ભાગ્યશાળી હશે કે જેને સાક્ષાત્ પરમાત્માનું સાનિધ્ય પ્રાપ્ત થયું. ભગવાનની સાથે બેઠા ઉઠ્યા. હર્યા-ફર્યા વાતો કરી અનેક લીલા ચરિત્રો અને ઐશ્વર્યની અનુભૂતિ કરી. વાત છે એવા જ ભાગ્યશાળી ભક્ત દેવકૃષ્ણ ભાઈની.

એકવાર શ્રીજી મહારાજ સાથે વઢવાણનાં દેવકૃષ્ણ નામના બ્રાહ્મણ ભૂજ જતા હતા. બીજા સંતો તથા ભક્તો પણ સાથે હતા. તો રણમાં જતા દેવકૃષ્ણ ઘણો તરસ્યો થયો તે જીવ જાય એવી તરસ લાગી. આંખે અંધારા આવવા લાગ્યા અને એ દેવકૃષ્ણ ભૂદેવે મહારાજને કહ્યું, મહારાજ હવે રેવાતું નથી ગળું સૂકાય છે. શ્રીજી મહારાજે કહ્યું. આ રણમાં પાણી ભર્યું છે એ પીવો. ત્યારે પાણી ચાખી જોયું તો ખારું ઝેર જેવું. મહારાજ આ તો ખારું ઝેર પાણી છે. આ કેમ પીવાય ? મહારાજ બોલ્યા, કે જુવો ગંગાજી આદિક મહાનદીઓ સમુદ્ર ભેગી થાય છે. એની સેર જે ઠેકાણે આવે ત્યાં પાણી મીઠું હોય. એટલે અહીં એની સેર નહિ હોય, થોડુંક આગળ ચાલો પછી એમણે પચ્ચીસ ડગલા આગળ ભર્યા. મહારાજ કે હવે અહિં જુઓ જોઈએ. અને એ ભૂદેવે એ રણનું પાણી ચાખી જોયું તો ગંગાજળ જેવું મીઠું ! મહારાજને કહ્યું મહારાજ આ તો બહુ મીઠું અમૃત જેવું પાણી છે. ત્યારે મહારાજ કહે અહીં ગંગાજમનાની સેર આવી ગઈ હશે માટે બધા જ પાણી પી લો. અને પછી એ ભૂદેવે પાણી પીધું. સંતોએ પણ પીધું અને હરિભક્તોએ પણ પીધું અને મહારાજે પોતે પણ એ જળ પીધું. અને પછી સૌ આગળ ચાલ્યા.

સૌ સંઘ આગળ વધ્યો ત્યારે દેવકૃષ્ણ પાછળ રહીને ફરીથી કોગળો કરવા ગયા તો એજ પાણી ખારૂ ઝેર જેવું લાગ્યું. મહારાજ મેં તો આ છેલ્લે કોગળો કર્યો તો પાણી એકદમ ખારૂ લાગ્યું. ત્યારે શ્રીજી મહારાજ કહે છે ગંગા અને જમનાની એ બધી સેર કાયમ સ્થિર રહેતી નથી. ક્યારેક આવે ક્યારેક ચાલી જાય. ગંગા જમનાની સેર જતી રહે એટલે સમુદ્રનું પાણી પાછું ખારુ લાગે. પછી મીઠું ક્યાંથી હોય. આવી રીતે મહારાજે પોતે ઐશ્વર્ય બતાવી અને બધાને ખારૂ પાણી મીઠું કરીને પાયું. દયાળુની દયાનો પાર નથી.

મિત્રો ! માટે જ ભગવાન ભક્તવત્સલ છે દયાળુ છે. પરંતુ ભગવાનની કૃપાને વાત્સલ્યતાને પ્રાપ્ત કરવા માટે પાત્ર બનવું પડે. અને એ પાત્રતા ત્યારે જ આવે છે જયારે ભગવાનનું ગમતું આપણે કરીએ. અને ભગવાનનું ગમતું શું છે એ આપણા શાસ્ત્રોમાંથી જાણીને એ રીતે જીવન જીવીએ તો ભગવાન જરૂર રાજી થાય.